# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૦૩૩ કેસ : ૧૫નાં મોત

## રાજ્યમાં કુલ ૪૫૫૪૦ ટેસ્ટ કરાયા : છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૮૩ દર્દીઓ સાજા થતા ૭૮.૪૦ ટકા દર પહોંચ્યો : એક્ટિવ કેસની સંખ્યા ૧૪૪૩૫ થઈ

ગાંધીનગર,તા.૧૭

રાજ્યમાં આજે ૪૫૪૫૦ ટેસ્ટ કોરોનાના કરવામાં આવતા ૧૦૩૩ પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ સાથે કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૭૯ હજારને પાર થઈ ૭૯૮૧૬ થયો છે. આજે કોરોનાના લીધે ૧૫ના મોત થતાં કુલ મૃત્યુઆંક ૨૮૦૨ થયો છે. આજે ૧૦૮૩ દર્દી સાજા થયા હતા. આ સાથે ડિસ્ચાર્જનો આંકડો ૬૨ હજારને પાર થઈ ૬૨૫૭૯ થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૧૪૪૩૫ એક્ટિવ કેસ છે. જેમાં ૬૯ વેન્ટીલેટર પર અને ૧૪૩૬૬ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોનાના કેસ વધતા જાય છે. તેમાંય રાજ્યમાં સાર્વત્રિક વરસાદ નોંધાતા આરોગ્ય વિભાગની ચિંતામાં સહજ વધઆરો કર્યો છે. આરોગ્ય વિભાગની યાદી મુજબ રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે ૧૫ જણાના મોત થયા છે. જેમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૩, સુરત કોર્પોરેશનમાં ૩, મોરબી, રાજકોટ કોર્પોરેશન અને વડોદરા કોર્પોરેશનમાં ૨-૨, ભાવનગર અને ભાવગર કોર્પોરેશન અને ગીર સોમનાથમાં ૧-૧ મોત નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૧૪૫ અને જિલ્લામાં ૧૩ સાથે કુલ ૧૫૮ કેસ નોંધાયા છે. આ સાથે કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૨૯૧૬૨ થયો છે. આજે વધુ ૩ મોત થતા કુલ મૃત્યુઆંક ૧૬૬૨ થયો છે. સુરત શહેરમાં ૧૬૮ અને જિલ્લામાં ૭૫ સાથે કુલ ૨૪૩ કેસ કોરોનાના આજે નોંધાયા છે. સાથે કુલ સંક્રમિતનો આંકડો ૧૭ હજારને પાર થઈ ૧૭૧૫૭ થયો હતો.વડોદરા શહેરમાં ૯૪ અને જિલ્લામાં ૧૫ સાથે કુલ ૧૦૯ કોરોનાના કેસ નોંધાતા કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૬૪૯૧ થયો છે. આજે વધુ ૨ મોત કોરોનાને લીધે થતા ૧૧૩ કુલ મૃત્યુઆંક થયો છે. રાજકોટ શહેરમાં ૬૦ અને જીલ્લામાં ૩૨ સાથે કુલ ૯૨ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોના સંક્રમિતોનો કુલ આંકડો ૩૩૬૪ થયો છે. આજે વધુ ૨ દર્દીના મોત સાથે મૃત્યુઆંક ૬૭ પર પહોંચ્યો છે. ગાંધીનગર શહેરમાં ૧૫ અને જીલ્લામાં ૧૭ સાથે ૩૨ કેસ કોરોનાના નોંધાતા કુલ સંક્રમિતોનો આંકડો ૧૯૭૪ પર પહોંચ્યો છે.

### કૃષક ભારતી કો-ઓપરેટીવ લી. દ્વારા હજીરાથી

## ૬૭ હજાર બોરી યુરિયા ખાતરનો જથ્થો આવતા સાબરકાંઠા - અરવલ્લી જિલ્લાના ખેડૂતોને લાભ મળશે

હિંમતનગર, તા. ૧૭

ભારત સરકારના રેલવે મંત્રાલય દ્વારા ૧૦મી ઓગસ્ટે માન્યતા મળતા માત્ર ચાર દિવસ બાદ ૧૪ ઓગસ્ટે ખેડૂતોના હિતાર્થે કૃભકો દ્વારા ત્રણ હજાર મેટ્રિક ટન ખાતરનો જથ્થો એટલે કે ૬૭ હજાર બોરી યુરિયાનો જથ્થો હિંમતનગર રેલવે સ્ટેશને રેકમાં આવી પહોંચતા જિલ્લા ક્લેક્ટર સી. જે. પટેલે શ્રીફળ વધેરી હર્ષ સાથે ખેડૂતોની ખુશીને વધાવી હતી. આ પ્રસંગે કૃભકોના ડાયરેક્ટર પરેશભાઈ પટેલ, સાબરકાંઠા ડીસ્ટ્રીક બેંકના ચેરમેન મહેશભાી પટેલ, પ્રવીણભાઈ પટેલ તથા ખેતીવાડી અધિકારી અને અગ્રણીઓ સૌએ હાજર રહી આનંદની લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારની પહેલને આવકારી હતી.





આ રેક સૌપ્રથમ ડીસા - પાલનપુર અને ત્રીજા તબક્કામાં હિંમતનગર રેક પોઈન્ટ પર આવી પહોંચતા સાબરકાંઠા અરવલ્લી ખેડૂતોને ખાતર સરળતાથી ઘરઆંગણે મળી રહેશે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન ખેડૂતોની આવક બમણી કરવાનું છે તેમાં આ કદમ ઉપયોગી નીવડશે અને ખેડૂતોના ખેત ઉત્પાદનમાં વધારો થશે. આ સવલતથી દર મહિને બે થી ત્રણ રેક ખાતર ખેડૂતોને મળશે. પહેલા ખાતરનાં કાળા બજાર હવે બંધ થશે અને ખેડૂતોને વાજબી ભાવે ખાતર મળી રહેશે. છેલ્લા ઘણા સમયથી ખેડૂતોની ખાતરની માંગણીનો પ્રશ્ન હલ થયો છે.

## રાજ્યના ૯૫ તાલુકાઓમાં અડધાથી સાડા પાંચ ઈંચ વરસાદ

### સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદથી નદીઓ ગાંડીતૂર : ૪૮ કલાકમાં ૧૪ લોકો તણાયા : તણાયેલા લોકોમાંથી ૧૦ લોકો હજુ ગુમ છે, એક વ્યક્તિનું મોત થયું તેમજ બે લોકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા

ગાંધીનગર, તા.૧૭

રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળતી માહિતી મુજબ આજે તા. ૧૭મી ઓગસ્ટ-૨૦૨૦ની સવારે ૬ કલાકની સ્થિતિએ છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૯૨ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. જેમાં ૯૫ તાલુકાઓ એવા છે કે જ્યાં અડધા ઈંચથી સાડા પાંચ ઈંચ સુધીનો વરસાદ વરસ્યો છે. કચ્છ જિલ્લાના માંડવી અને મુન્દ્રા તાલુકામાં સાડા પાંચ ઈંચ, તાપીના વાલોડ અને આણંદના તારાપુર તાલુકામાં પાંચ ઈંચ વરસાદ નોંધાયો છે.

કચ્છના માંડવીમાં ૧૩૩ મી.મી., મુન્દ્રામાં ૧૩૨ મી.મી., વાલોડમાં ૧૨૭ મી.મી., તારાપુરમાં ૧૨૪ મી.મી., નેત્રંગમાં ૧૨૧ મી.મી., વાલીયામાં ૧૧૪ મી.મી., ખંભાતમાં ૧૦૮ મી.મી. અને ભિલોડામાં ૧૦૬ મી.મી. વરસાદ એટલે કે ચાર ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે મહુવા (સુરત), ધરમપુર, વડાલી, નવસારી, ઈડર અને વ્યારા મળી કુલ છ તાલુકાઓમાં ત્રણથી ચાર ઈંચ સુધી વરસાદ વરસ્યો છે. તદુપરાંત તિલકવાડા, સુબિર, બોરસદ, જલાલપોર, ભરૂચ, દિયોદર, ગાંધીધામ, પેટલાદ, સતલાસણા, ગરૂડેશ્વર, પલસાણા, ડિસા, સોજીત્રા અને ચોર્યાસી તાલુકા મળી કુલ ૧૩ તાલુકાઓમાં બે ઈંચ થી ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે. રાજ્યના ૬૭ તાલુકાઓમાં અડધાથી બે ઈંચ સુધીનો વરસાદ નોંધાયો છે. જ્યારે ૯૬ તાલુકાઓમાં અડધા ઈંચથી એક મી.મી. સુધીનો સામાન્ય વરસાદ નોંધાયો છે.

છેલ્લા કેટલાક દિવસોમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં પડેલા ભારે વરસાદથી નદીઓમાં આવેલા પૂરના પાણીમાં ૧૪ જેટલા લોકો તણાઈ ગયા હોવાની ઘટનાઓ બની છે. શનિવાર અને રવિવાર દરમિયાન આ બનાવો દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુરા તાલુકામાં, પોરબંદરના રાણાવાવમાં, જામનગર જિલ્લાના કાલાવાડ તાલુકામાં અને કચ્છના મુંદ્રામાં બન્યા હતા. તણાયેલા લોકોમાંથી ૧૦ લોકો હજુ ગુમ છે, જ્યારે એકનું મોત થયું અને બે લોકોને રેસ્ક્યુ કરાયા હતા. શનિવારે કલ્યાણપુર તાલુકાના હડમતિયા ગામમાં ભાનગડ નદીના ભારે કરંટમાં ત્રણ વ્યક્તિઓ તણાઈ હતી. તેમાંથી એક વ્યક્તિ તરીને સુરક્ષિત રીતે કાંઠા સુધી પહોંચી ગયો હતો, જ્યારે બીજી વ્યક્તિ ડૂબી ગઈ અને ત્રીજી વ્યક્તિ ગુમ થઈ ગઈ. પોલીસ મુજબ, આ ત્રણેય યુવકો સિક્યોરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા અને ઘટના સમયે કામ પર ફેક્ટરીએ જઈ રહ્યા હતા. ત્રણેય યુવકો નદીને ઓળંગીને જઈ રહ્યા હતા, સમગ્ર ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો હતો. બીજી તરફ રવિવારે રાણાવાવમાં ત્રણ ભરવાડ નદીમાં પોતાની ભેંસોની તણાતા બચાવવા જતા ડૂબી ગયા હતા. બાવન ગોરાસિયા, પુંજા કોડિયાતર અને અર્જન કોડિયાતર ભેંસોને બચાવવા નદીમાં ઉતર્યા હતા પરંતુ પાણીનો કરંટ ખૂબ જ વધારો હતો. તેમને શોધવાના પ્રયાસો કરાયા હતા. અન્ય બનાવમાં કાલાવાડ તાલુકાના ખાખરિયા ગામમાં બનાવેલા ચેક ડેમમાં મહેશ શિંગાળા નામની વ્યક્તિ ડૂબી ગઈ હતી. જ્યારે જામનગરમાં રવિ ચૌહાણ નામનો યુવક રંગમતી નદીમાં નાહવા પડ્યો હતો અને ડૂબી ગયો. જ્યારે મુંદ્રા નજીક ધ્રાબ ગામમાં સુરાઈ નદીમાં તણાઈ ગયા હતા. સ્થાનિક લોકોએ તેમાંથી બે લોકોને બચાવ્યા હતા, પરંતુ ત્રણ લોકો હજુ લાપતા છે.

## ધનસુરાના શૂળપાળેશ્વર મહાદેવના મંદિરમાં લઘુરૂદ્ર યજ્ઞ યોજાયો

ધનસુરા તળાવ કિનારે આવેલા શૂળપાળેશ્વર મહાદેવના મંદિરમાં લઘુરૂદ્ર યજ્ઞ યોજાયો હતો. શ્રાવણ માસ ચાલી રહ્યો છે ત્યારે સોમવારે સોમવતી અમાસ હતી જેથી મંદિરમાં લઘુરૂદ્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫ જોડાએ ભાગ લીધો હતો. જેમાં ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ભગવાનના દર્શનનો લાભ લીધો હતો. સાથે પ્રસાદીનો પણ લાભ લીધો હતો. ભક્તોએ કોરોનાને લઈને માસ્ક પહેરીને ભાગ લીધો હતો.

## વીજતંત્રની બેદરકારીએ ખેડૂતનો ભોગ લીધો

### ભિલોડાના સુનોખ ગામે ખેતીકામ કરી રહેલા ખેડૂત પર વીજતાર પડતા વીજકરંટથી મોત, લોકોમાં આક્રોશ

ભિલોડા, તા. ૧૭

અરવલ્લી જિલ્લામાં વીજતંત્રની બેદરકારીના પગલે જિલ્લામાં અનેકવાર વીજકરંટ લાગવાની ઘટનાઓ બની છે. વીજતંત્ર દ્વારા મેઈન્ટેનન્સના નામે અનેકવાર વીજપુરવઠો બંધ કરી કામગીરી કરવા છતાં લચકાતા વીજતારના લીધે વીજકરંટ અને તણખલા ઝરતા આગ લાગવાની ઘટનાઓ અનેકવાર બની રહી છે. ભિલોડા તાલુકાના સુનોખ ગામે ખેતરમાંથી પસાર થતી વીજલાઈન ખેડૂત માટે યમદૂત સાબિત થઈ હતી. ખેતરમાં કામકાજ કરી રહેલા વૃદ્ધ પર વીજતાર તૂટીને પડતા વીજકરંટથી ખેડૂતનું પ્રાણ પંખેરું ઉડી જતા પરિવારજનોમાં ભારે શોકાગ્નિ છવાઈ હતી. વીજકરંટથી ખેડૂતનું મોત નિપજતા અરવલ્લી જીલ્લા ક્ષત્રીય ઠાકોર સેનાના પ્રમુખ સંજયજી ઠાકોરે વીજતંત્રની લાલીયાવાડી સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. વીજતંત્રના અધિકારીઓ અને પોલીસ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા, મૃતકના મ-તદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.



ભિલોડા તાલુકાના સુનોખ ગામના કચરાભાઈ મોતીભાઈ ડાભી નામના ખેડૂત ખેતરમાં ખેતી કામ કરી રહ્યા હતા ત્યારે ખેતરમાંથી પસાર થતી વીજલાઈનનો વીજતાર તૂટી ખેડૂત પર પડતા ખેડૂતને વીજકરંટ લાગતા ખેતરમાંને ખેતરમાં ઢળી પડ્યા હતા ખેડૂતનું વીજકરંટથી મોત નિપજતા ભારે ચકચાર મચી હતી. વીજકરંટની ઘટનાના પગલે પરિવારજનો અને લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા, વીજતંત્રની બેદરકારીના પગલે ખેડૂતને જીવ ગુમાવવો પડતા લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. સ્થાનિક ખેડૂતોના જણાવ્યા અનુસાર વીજતંત્રના અધિકારીઓને લચકતા વીજતારના સમારકામ અંગે વારંવાર રજુઆત કરવા છતાં સમારકામ કરવામાં ન આવતા ખેડૂત પરિવારના મોભીને જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો.

## અરવલ્લીમાં જુગારીઓ, વિદેશી દારૂ અને નાસતા ફરતા આરોપીઓ મળી આવવાનો સિલસિલો યથાવત



અરવલ્લી જિલ્લા પોલીસવડા સંજય ખરાતે જીલ્લામાં ચાલતી અસામાજિક પ્રવૃતિઓ સામે લાલ આંખ કરી જીલ્લા પોલીસતંત્રને શખ્ત કાર્યવાહી કરવાના આદેશ આપતા સ્થાનિક પોલીસ અને વિવિધ એજન્સીઓમાં રેસ જોવા મળી રહી છે. જીલ્લા એસપી તરીકે સંજય ખરાતે ચાર્જ સંભાળ્યા પછી જીલ્લામાં પોલીસ સતત જુગારીઓ, વિદેશી દારૂની હેરાફેરી, વેપલો કરનાર બુટલેગરો અને નાસતા ફરતા આરોપીઓ ઝડપાઈ રહ્યા છે.

મોડાસા ટાઉન પોલીસે સર્વોદયનગર (ડુંગરી) વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં હારજીતની બાજી માંડી બેઠેલા ૪ જુગારીઓને રૂ.૧૧૧૦ સાથે ઝડપી પાડ્યા હતા. એલસીબી પોલીસે સગીરાના અપહરણના ત્રણ વર્ષથી નાસતા-ફરતા રાજસ્થાનના ત્રણ આરોપીઓ ઝડપી પાડી ભોગ બનનાર પીડિતાને શોધી કાઢી હતી. એલસીબી પોલીસે મેઘરજ કોલેજ સામે રહેણાંક મકાનમાં ચાલતા વિદેશી દારૂના વેપલાનો પર્દાફાશ કરી રૂ. ૪૮૦૦ નો દારૂ જપ્ત કર્યો હતો. બુટલેગર સલાઉદ્દીન ઉર્ફે સલીમ નસીમખાન પઠાણ રેડ જોઈ ફરાર થઈ જતા ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા. મેઘરજ પોલીસની આંખ નીચે રહેણાંક મકાનમાં ધમધમતા વિદેશી દારૂના અડ્ડાને એલસીબીએ પર્દાફાશ કરતા સ્થાનિક પોલીસની કામગીરી સામે અનેક સવાલ પેદા થયા છે.



માલપુર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ત્રણ વર્ષ અગાઉ સગીરાનું રાજસ્થાનના શખ્સો અપહરણ કરી જતા જે તે સમયે પોલીસ સ્ટેશનમાં પોક્સો કલમ એક્ટ અને અપહરણનો ગુન્હો નોંધાયો હતો. અરવલ્લી એલસીબી પોલીસે જીલ્લામાં ગુન્હા આચરી નાસતા-ફરતા આરોપીઓ અને ગુન્હાનો ભેદ ઉકેલવા કમરકસી છે. એલસીબી પોલીસને માલપુર વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળતા ત્રણ વર્ષ અગાઉ સગીરાનું અપહરણ કરનાર રાજસ્થાનના સીમલવાડા તાલુકાના બોન્ડેલા ગામના લાલશંકર નાથાભાઈ ડામોર, નાથાભાઈ રત્નાભાઈ ડામોર અને જકતાભાઈ રત્નાભાઈ ડામોર નામના આરોપીઓને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ ભોગ બનનાર સગીરાને શોધી કાઢી ત્રણ વર્ષ જુના ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

### વિચારયાત્રા ● ચોથા પાનાનું ચાલુ

વાત છે કે અહીં પણ આચારની મહત્તા દર્શાવવામાં આવી છે. આચારમાં જે શૂન્ય છે તે તો આચાર્ય કહેવાવાને યોગ્ય નથી. ત્યારબાદ શિષ્યની ભાવના પણ ઉત્તરરામચરિત માં કવિ ભવભૂતિએ આપી છે કે શિષ્ય એ છે જે "પ્રદીપપ્રજ્ઞામેધાભ્યામ" હોવો જોઈએ. પ્રજ્ઞા એટલે અર્થગ્રહણ કરવાવાળી બુદ્ધિ અને મેધા એટલે ધારણ કરવા વાળી બુદ્ધિ. ઉપરોક્ત વ્યાખ્યા અનુસાર આચાર્ય અને શિષ્યના વ્યવહાર આજના સમયની સૌથી મોટી આવશ્યકતા છે.

આ કઠિન સમયને એક પડકાર માનીને શિક્ષાને નવીન અભિગમથી આપણી સંસ્કૃતિના આયામોને જ વ્યવહારમાં લાવીને આગળ વધવું પડશે. ફરી વખત વિશ્વ ગુરુ બનવું હશે તો આ જ સમય યોગ્ય છે. વ્યક્તિથી સમષ્ટિ સુધીનો વિચાર જન્મથી જ આ સંસ્કાર દૃઢીભૂત થાય તે માટે પ્રયત્ન કરવાનું શરૂ કરવું પડશે.

ૐ સહ નાવવતુ । સહ નૌ ભુનક્તુ । સહ વીર્યં કરવાવહૈ ।
તેજસ્વિ નાવધીતમસ્તુ મા વિદ્વિષાવહૈ ।
ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ॥

jayuoza@gmail.com
Mo.9898046488

### દુષિત પાણી... ● છેલ્લા પાનાનું ચાલુ

સમયથી રહીશોના ઘરોમાં ગટર લાઈનનુ પાણી બેક મારે છે. જયારે આ સમસ્યાને દુર કરવા માટે સ્થાનિકો દ્વારા અનેકવાર રજુઆતો કરવા છતા કોઈ પગલા લેવાયા નથી. જયારે સેકટરમાં ગટરનુ દુષિત પાણી બેક મારતા સ્થાનિકોમાં રોગચાળો પ્રવર્તે તેવી દહેશત પ્રબળ બની છે.

સેકટરમાં નાગરિકોના ઘરમાં દુષિત પાણી બેક મારતા ગટરની લાઈન અપગ્રેડ કરવા તેમજ મુખ્ય લાઈનની સફાઈ માટે પણ સ્થાનિકો માંગણી કરી રહ્યા છે. આમછતા હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી. આ અંગે સ્થાનિક નાગરિકોએ પાટનગર યોજના વિભાગના કાર્યપાલક ઈજનેરને રજુઆત કરી સમસ્યાના કાયમી નિરાકરણ માટે જણાંવ્યુ હતુ જયારે જવાબદાર અધિકારીએ પણ આ અંગે યોગ્ય કાર્યવાહી કરાશે તેવી સાંત્વના આપી હતી.

### શહેરમાં કોરોના... ● છેલ્લા પાનાનું ચાલુ

ગૃહીણીઓનો પણ સમાવેશ થાય છે. મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર કોર્ટમાં વકીલાત કરતા અને સે. ૨-ડી માં રહેતા ૪૪ વર્ષીય એડવોકેટનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ એડવોકેટે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ એડવોકેટના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨-બી માં રહેતા એક ૬૫ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ નિવૃત્ત કર્મયોગીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરી દીધા છે. સે. ૨ કોરોના માટે સંવેદનશીલ બની ઉભરી રહ્યુ હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. તંત્રએ સેક્ટરમાં સર્વેલન્સ સઘન બનાવવાની સૂચનાઓ આપી છે.

શહેરમાં વી.આઈ.પી. સેક્ટર તરીકેની ઓળખ ધરાવતા સે. ૧૯ માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. જેમાં બે મહિલા અને ગાંધીનગરના સીટી ઈજનેરનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૧૯ માંથી એક ૪૧ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ ગૃહીણીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. આ ઉપરાંત એક ૧૫ વર્ષીય વિદ્યાર્થીનીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ વિદ્યાર્થીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ વિદ્યાર્થીનીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

ગાંધીનગર મનપામાં સીટી ઈજનેર તરીકે ફરજો બજાવતા ભરતભાઈ પંડ્યાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે આશ્કા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ સીટી ઈજનેરના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૧૯ માં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. સે. ૧૯ માં અત્યાર સુધીમાં ૧૦ થી વધુ કેસ નોંધાયા છે.

સે. ૫ માંથી આજે વધુ બે કેસ કોરોના પોઝીટીવના નોંધાયા છે. સે. ૫-બી માંથી એક ૮૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ મહિલા દર્દીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૫-બી માંથી એક ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

રાજ્યના ગૃહ વિભાગમાં કમાન્ડો તરીકે સેવાઓ આપતા અને સે. ૨૭ માં રહેતા કમાન્ડોનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ કમાન્ડોને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ તેમના પરિવારના બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૬ માંથી એક ૨૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ મહિલાના પરિવારની એક વ્યક્તીને હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે.

સે. ૨૬ માંથી બીજો એક કેસ ૨૧ વર્ષીય યુવાનનો નોંધાયો છે. આ યુવાને પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ યુવાનના પરિવારના ૧ સભ્યને હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે.

સે. ૨૪ માં રહેતા એક એડવોકેટનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ એડવોકેટને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ એડવોકેટના પરિવારના બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૨૧ માંથી એક ૩૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ મહિલાના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૬-સી માં રહેતા અને ટી સ્ટોલનું સંચાલન કરતા એક ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે અમદાવાદ દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ તેમના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૭-બી માંથી એક ૬૩ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ આ નિવૃત્ત કર્મયોગીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે ૪-બી માંથી એક ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વિકાર્યો છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્રએ સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે. આ ઉપરાંત મોટી ઉંમરના લોકો ખાસ જરૂર ના હોય તો બહાર ના નીકળે અને નગરજનો પણ કોરોનાને લઈ સતર્ક અને સાવચેતી રાખે તેવી અપીલ કરી છે.

### નીટની પરીક્ષા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિદ્યાર્થીઓના શૈક્ષણિક સત્રને નુકશાન પહોંચશે. પરીક્ષા રદ્દ કરવા કરતા યોગ્ય આયોજન તેમજ સાવધાની માટેના જરૂરી તમામ પગલાઓ ભરીને શું પરીક્ષાનું આયોજન ન થઈ શકે? બીજી તરફ એનટીએનો પક્ષ રજૂ કરી રહેલા સોલિસિટર જનરલ તુષાર મેહતાએ કહ્યું કે, પરીક્ષાઓનું આયોજન પૂરતી સાવધાનીની સાથે થવું જોઈએ. ત્યારબાદ અધિવક્તા અલખે કહ્યું કે કોરોનાની રસી ટૂંક જ સમયમાં બજારમાં આવી જશે તેવી પૂર્ણ શક્યતાઓ છે. વડાપ્રધાન મોદીએ પણ પોતોના ૧૫ ઓગસ્ટના સંબોધનમાં આ અંગે કહ્યું હતું.

### ગોળીબાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગોળીબારના ધડાકા સંભળાતાં પોલીસ ત્યાં ધસી ગઈ હતી. મિડિયા રિપોર્ટ મુજબ એકથી દોઢ કલાકના સમયગાળામાં આ ત્રણ બનાવો બન્યા હતા. ત્રણે ઘટના એકમેકથી જુદી હતી પરંતુ આવી બેત્રણ ઘટના એક સાથે બને એ ચોંકાવનારી બાબત ગણાય.

### ૬૫ હજાર કેસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૪૯૦૩૬ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે શનિવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૬૬૮૨૨૦ એક્ટિવ કેસ છે.

### પંડિત જશરાજ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આત્માને હંમેશા સંગીતથી શાન્તિ મળે. પંડિતજીનો જન્મ ૨૮ જાન્યુઆરી ૧૯૩૦માં થયો હતો. પંડિત જસરાજ માત્ર ચાર વર્ષના હતા ત્યારે તેમના પિતા પંડિત મોતીરામનું નિધન થયું હતું. તેમનું ભરણપોષણ તેમના ભાઈ પંડિત મણિરામે કર્યું. પંડિત જસરાજને સંગીત દુનિયામાં ૮૦ વર્ષથી વધુ સમય થયો હતો. આ દરમિયાન તેમને અનેક પુરસ્કાર પણ મળ્યા. શાસ્ત્રીય અને અર્ધ-શાસ્ત્રીય સ્વરોમાં તેમની ધૂનોને આલ્બમ અને ફિલ્મ સાઉન્ડટ્રેક તરીકે પણ બનાવ્યામાં આવ્યા છે. જસરાજે ભારત, કેનેડા અને અમેરિકામાં સંગીત શીખવાડ્યું હતું. તેમના ઘણા શિષ્યો લોકપ્રિય સંગીતકાર પણ બન્યા છે.

### દેશનો જીડીપી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બિરલાએ જણાવ્યું હતું કે કોરોના બરાબર એવા સમયે ત્રાટક્યો છે જ્યારે વૈશ્વિક આર્થિક પ્રવાહી સ્થિતિ તથા દેશમાં નાણાંકીય સિસ્ટમમાં સર્જાયેલાં સંકટના કારણે પહેલેથી જ દેશનાં અર્થતંત્રની રફતાર ધીમી પડી ચૂકી હતી. બિરલાએ શેરધારકોને પાઠવેલા એક પત્રમાં જણાવ્યું છે કે ભારતનો ૮૦ ટકા જીડીપી એવા જિલ્લાઓમાંથી સર્જાય છે જે જિલ્લાઓ લોકડાઉન વખતે રેડ અથવા તો ઓરેન્જ કેટેગરીમાં મૂકાયા હતા. ત્યાં આર્થિક ગતિવિધિઓ પર માઠી અસર પડી હતી. તેના કારણે ચાલુ નાણાંકીય વર્ષમાં જીડીપીમાં ખાસ્સો ઘટાડો આવે તેવી સંભાવના છે. હાલની પ્રવાહી પરિસ્થિતિમાં કશું પણ ભાખવું અશક્ય છે. જોકે, એ નક્કી છે કે પ્રતિભાશાળી નેતૃત્વ, મજબૂત બિઝનેસ ફન્ડામેન્ટલસ્ તથા કટિન સંજોગોમાં પણ હેમખેમ રહેવાનો ટ્રેક રેકોર્ડ ધરાવતી કંપનીઓ આ નવી વૈશ્વિક વ્યવસ્થામાં વિજેતા બનીને ઉભરી આવશે.